ફુલોના ગરબા - ચૈત્રી નવરાત્રીના કાઉન્ટ-ડાઉનના પગલે શહેરમાં ફુલોના ગરબા તૈયાર થવાની કામગીરી પણ પુરજોશમાં ચાલી રહી છે... ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ચૈત્રી નવરાત્રીએ ગામે-ગામ ફુલોના ગરબાનો મહિમા મોટો છે... માથા મુકીને ગરબો ઘુમવાની પરંપરા હજુ પણ અકબંધ છે... ફુલોના ગરબા બનાવવામાં અનેક શ્રમજીવીઓ વ્યસ્ત છે...

ગાંધીનગરમાં રાજકીય ગરમાવો : નરેશ પટેલની કોંગ્રેસમાં જોડાવાની અટકળો સાથે અફવા બજાર ગરમ

અશોક ગેહલોતે નરેશ પટેલને કોંગ્રેસમાં ખેંચી જવા ખેલ પાડ્યો : રાહુલ ગાંધીએ પ્રશાંત કિશોરની ફોર્મ્યૂલા સ્વિકારતા નરેશ પટેલ કઈ પાર્ટીમાં જોડાશે તેની સત્તાવાર જાહેરાત કરશે

અમદાવાદ, તા.૩૦

વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ ગુજરાતની રાજનીતિમાં ગરમાવો આવી રહ્યો છે. આજકાલ ખોડલધામ પ્રમુખ નરેશ પટેલ રાજનીતિમાં જોડાવવા અંગે ભારે ચર્ચા ચાલી રહી હતી, જેનો અંત આવ્યો છે. નરેશ પટેલે આખરે કોંગ્રેસમાં જોડાય તેવું લાગી રહ્યું છે. રાજસ્થાનના જયપુરમાં પ્રશાંત કિશોર સાથે નરેશ પટેલની મુલાકાત થઈ છે. જેમાં રાજનીતિમાં જોડાયેલા એક સૂત્રએ જણાવ્યું છે કે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે નરેશ પટેલને કોંગ્રેસમાં ખેંચી જવાનો સમગ્ર ખેલ પાડ્યો છે. પ્રશાંત કિશોરની ફોર્મ્યૂલા આખરે રાહુલ ગાંધીએ સ્વીકારી છે. જેના કારણે હવે થોડા સમયમાં નરેશ પટેલ કંઈ પાર્ટીમાં જોડાશે તેની સત્તાવાર જાહેરાત કરશે.

ગુજરાતમાં કોંગ્રેસે ભાજપને ઘેરવા એક રણનીતિ ઘડી છે અને તેના માટે પુરેપૂરું ગ્રાઉન્ડ વર્ક પણ કરી લીધું છે. ભાજપને પડકારવા માટે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે એક નવો જ રાજકીય દાવ ખેલ્યો છે. જે વિરોધી પક્ષોને પણ ઝટકો આપનારો છે.

નરેશ પટેલનું લાંબા સમયથી ચાલી રહેલા ચલક ચલાણાનો અંત આવી ચુક્યો છે. આજે જે પ્રકારે પત્રકાર પરિષદ યોજીને સંકેતો આપવામાં આવ્યા તે જોતા તેઓ રાજકારણમાં જોડાય તે તો નક્કી થઈ જ ગયું હતું. જો કે તેઓ કયા પક્ષ સાથે જોડાય તે મુદ્દે ભારે અવઢવ હતી. પાટીદાર સહિત સમગ્ર ગુજરાતના લોકોમાં નરેશ પટેલ કંઈ પાર્ટીમાં જોડાશે આ મુદ્દાએ ભારે ઉત્કંઠા જગાવી છે. સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર નરેશ પટેલની અગાઉ રાહુલ ગાંધી સાથે ટેલિફોનિક વાતચીત થઇ હતી. જેમાં નરેશ પટેલે પોતાની તમામ માંગણીઓ રાહુલ ગાંધી સામે મુકી હતી. આ ઉપરાંત નરેશ પટેલને કોંગ્રેસની કેમ્પેઇન કમિટીના ચેરમેન બનાવવામાં આવશે. આ ઉપરાંત

પક્ષમાં તેમની વાતને વધારે મહત્વ આપવા અંગે પણ સંમતિ સધાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, નરેશ પટેલે રાજકારણમાં આવવાની જાહેરાત કરી ત્યારથી જ ગોપાલ ઈટાલિયા તેમને આપમાં અને હાર્દિક પટેલ તેમને કોંગ્રેસમાં લાવવા માટે પ્રયાસો કરી રહ્યા હતા. પરંતુ આખરે નરેશ પટેલ હાર્દિકનો "હાથ" મજબુત કરવા માટે આવી પહોંચ્યા છે. તેઓ ચૈત્રી નવરાત્રી દરમિયાન અધિકારીક રીતે કોંગ્રેસમાં જોડાવાની જાહેરાત કરી શકે છે. ગુજરાતમાં એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરીને રાહુલ ગાંધીની હાજરીમાં તેઓ કોંગ્રેસમાં જોડાશે. આ કાર્યક્રમમાં રાહુલ ગાંધી તો હાજર રહેશે આ ઉપરાંત પ્રિયંકા ગાંધી સહિત અનેક કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ હાજર રહે તેવી શક્યતાઓ પણ સેવવામાં આવી રહી છે. સુત્રો અનુસાર નરેશ પટેલની સાથે સાથે પ્રશાંત કિશોર પણ અધિકારીક રીતે કોંગ્રેસમાં ચૈત્રી નવરાત્રી દરમિયાન જોડાઈ શકે છે. તેઓને રાષ્ટ્રીય કોંગ્રેસના કેમ્પેઇન કમિટીના કર્તાધર્તા બનાવવામાં આવી શકે છે.

ધો -૧૦ માં બેઝિક ગણિતના પેપર પ્રશ્નો સરળ : વિદ્યાર્થીઓ ખુશ

ગણિતના વિષયમાં ગેરહાજર વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ : જિલ્લામાંથી ૬૨૨ વિદ્યાર્થીઓની હાજરી ઘટી : પેપર સંપુર્ણ પાઠયપુસ્તક આધારિત નબળા વિદ્યાર્થીઓને પણ સ્કોર કરશે તેવી આશા : કિશોરસિંહ રાજપુત

ગાંધીનગર તા ૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાલ ધો -૧૦ ના વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષા લેવામાં આવી રહી છે. બોર્ડની પરીક્ષાના ત્રીજા દિવસે આજે ધો -૧૦ માં ગણિત વિષયનુ પેપર હતુ જિલ્લામાંથી ૨૧૩૯૪ વિદ્યાર્થીઓએ બેઝિક ગણિત વિષયની પરીક્ષા આપી હતી જયારે ૬૨૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ગણિતનુ પેપર સંપુર્ણ સરળ અને પાઠયપુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

કોરોના કાળમાં આજે બે વર્ષના અંતે ધો -૧૦ના વિદ્યાર્થીઓએ મહત્વના વિષય ગણિતની પરીક્ષા આપી હતી. ધો -૧૦ ની પરીક્ષાના બીજા દિવસે ગણિત વિષયનુ મહત્વનુ પેપર હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં વિશેષ ઉત્સુકતા જોવા મળી હતી જયારે ગણિતનુ પેપર સરળ નિકળતા પરીક્ષા સ્થળો બહાર વિદ્યાર્થીઓ ખુશહાલ મુડમાં જોવા મળ્યા હતા. બેઝિક ગણિતનુ પેપર એકંદરે સરળ અને પાઠયપુસ્તક આધારિત રહ્યુ હતુ. આ અંગે કિશોર કલાસીસના વિષય નિષ્ણાંત કિશોરસિંહ રાજપુતના જણાંવ્યા મુજબ બેઝિક અને સ્ટાન્ડર્ડ વિકલ્પો અપાયા બાદ આ પ્રથમ પેપર હોવાથી પેપર કેવુ રહેશે તે અંગેની ચિંતા વિદ્યાર્થીઓ માટે મુંઝવણનુ કારણ બની હતી. કોરોનાની અસર વચ્ચે આંતરિક વિકલ્પના બદલે જનરલ વિકલ્પ રાખવામાં આવ્યો છે. વિભાગ એ માં સામાન્ય પેપર સ્ટાઇલ વિમુખ ૨૪ માંથી ૧૮ વિકલ્પવાળી ખાલી જગ્યા તેમજ છ પ્રશ્નો ખરા ખોટાના પુછાયા હતા જેથી વિદ્યાર્થીઓ માટે પેપર વધુ સરળ બની ગયુ હતુ.

જયારે પ્રશ્નપત્રમાં ધારણા મુજબના ત્રણ પ્રમયો પણ પુછાયા હતા જેથી પરીક્ષાર્થીઓમાં હર્ષની લાગણી વ્યાપી છે. જયારે મોટા પ્રશ્નોવાળા વિભાગ ડી માં ૨ સરળ પ્રમેય અને ૨ સરળ રચનાઓ પુછવામાં આવી હોવાથી નબળા વિદ્યાર્થીઓ પણ પ્રમાણમાં સારો સ્કોર કરી શકશે તેવો આત્મવિશ્વાસ વ્યકત કર્યો છે. ગણિતનુ પેપર બોર્ડે આપેલા ગુણભાર આધારિત અને પાઠયપુસ્તક આધારે હોવાના લીધે વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. જિલ્લામાંથી ૨૧૩૯૪ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી જયારે ૬૧૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જિલ્લામાં ગણિતના પેપર દરમિયાન એક પણ કોપી કેસ નોંધાયો ન હોવાનુ શિક્ષણ તંત્રએ જણાંવ્યુ છે.

સેકટરોમાં પાણીની લાઈનના ખોદકામથી અન્ય સેવા ખોરવાતા ભારે હાલાકી

સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઇન નાંખવાનુ કામ હાથ ધરાયુ છે પરંતુ અન્ય વિભાગ સાથે સંકલનના અભાવે વારંવાર પાણીની લાઇનમાં ગાબડુ પડવાની સાથે વિજળીના કેબલ પણ કટ થાય છે : સે-૨૩ માં આજે આકરી ગરમીમાં બે કલાક વિજળી ડુલ રહી

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. શહેરના સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે હાલ સેકટરોમાં ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. પરંતુ ખોદકામની આ પ્રવૃતિ દરમિયાન વારંવાર એક યા બીજી લાઇન ડીસ્ટર્બ થતા રહીશોએ પરેશાની વેઠવાનો વારો આવે છે. આજે પણ સે-૨૩ માં ખોદકામ દરમિયાન વિજળીની લાઈનનો કેબલ કટ થતા સુમુખ એપાર્ટમેન્ટના વિસ્તારમાં રહીશો આકરી ગરમીમાં શેકાયા હતા. જયારે બે કલાક સુધી વિજપ્રવાહ ખોરવાયેલો રહેતા સ્થાનિકોમાં રોષ ભભુકયો હતો. શહેરમાં નવી લાઇન નાંખવાની આ કામગીરી દરમિયાન અન્ય વિભાગો સાથે સંકલન કરીને કામ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ લાગણી અને માંગણી પણ સ્થાનિકોએ વ્યકત કરી છે.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી પાઇપલાઇન નાંખવાની કામગીરી ચાલી રહી છે. શહેરના સેકટરોમાં પાણી વિતરણ વ્યવસ્થાને અનુલક્ષી દાયકાઓ જુની લાઇનના બદલે નવી લાઇન નાંખવામાં આવી રહી છે. શહેરમાં હાલ પાણી વિતરણ વ્યવસ્થાનુ નેટવર્ક વર્ષો જુનુ છે. જેના લીધે હાલ સેકટરની વસતી અને વિકાસ મુજબ આખો દિવસ પુરતા ફોર્સથી પાણી સપ્લાય કરવા માટે લાઇન સક્ષમ નથી જેના લીધે દાયકાઓ જુના પાણી વિતરણના નેટવર્કનુ નવિનીકરણ હાથ ધરવામાં આવ્યુ છે. પાણી અને ગટર લાઇનને અપગ્રેડ કરવા માટે નવી લાઇન નાંખવામાં આવી રહી છે. જેના લીધે સકટરોમાં હાલ ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. અગાઉ કોર્પોરેશન દ્વારા સ્ટોર્મ વોટર લાઇનની કામગીરી દરમિયાન સેકટરોમાં રીંગ રોડ આસપાસ તેમજ આંતરિક વિસ્તારમાં ખાડાઓ ખોદવામાં આવ્યા હતા જેના અંતે યોગ્ય માટીપુરાણ ન થતા વરસાદી દિવસોમાં માટી પોલાણ થવાના લીધે મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા. જયારે કેટલાક ઠેકાણે ફુટપાથ પણ જમીનમાં ગરકાવ થઇ ગઇ હતી જે ગાબડા હજુ પણ પુરાયા નથી. જયારે હાલ પાણીની નવી લાઇન નાંખવા ટાંણે પણ સેકટરોમાં અનેક સમસ્યાઓ ઉભી થાય છે. નવી લાઇન નાંખવા માટે કામ કરતા તંત્ર દ્વારા અન્ય વિભાગ સાથે સંકલન રાખવામાં આવતુ નથી. જેના લીધે સેકટરોમાં હયાત પાણીની અને ગટરની લાઇનમાં

● અનુસંધાન પાન-૭ પર

મનપામાં એડવાન્સ ટેક્ષ ભરનારાઓ માટે ૧૦% વળતર

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરામાં ૧૦ ટકા વળતર યોજના તા. ૪-૪-૨૦૨૨ થી ૩૧-૫-૨૦૨૨ સુધી અમલી થનાર છે. તેમજ જે પણ કરદાતા ઓનલાઈન મિલ્કતવેરાનું ચુકવણું કરશે તે તમામ કરદાતાઓને વધારાનું ૨ ટકા વળતર (ઓછામાં ઓછુ રૂ. ૨૦ અને વધુમાં વધુ રૂ. ૫૦૦ સુધી) મળવાપાત્ર રહેશે. ઓનલાઈન મિલ્કતવેરો ભરવા માટે www.enagar.gujarat.in તથા www.gandhinagarmunicpal.comની મુલાકાત લો. આમ, મિલ્કતવેરા બિલોની રાહ જોયા વિના તમામ શહેરીજનોને ૧૦ ટકા વળતર યોજનાનો લાભ લેવા વિનંતી છે. સદર યોજના ગાંધીનગર મહાનગરપાલિકાના જૂના તથા નવા વિસ્તારમાં અમલી થશે.

જિલ્લામાં બે વર્ષમાં ૭૩ નવા ફિડરો બનાવાયા

ખેતીવાડી માટે ૩૭, જ્યોતિ ગ્રામ માટે ૧૯, અર્બનમાં ૧૪ અને ઔદ્યોગિક ક્ષેત્ર માટે ૩ ફિડરો છે : રાજ્યમંત્રી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં વીજપુરવઠો વિના વિક્ષેપે મળી રહે તે માટે ૭૩ જેટલા ફિડરો છે. આ ફિડરો ઉભા કરવામાં અત્યાર સુધીમાં ૧૩૩૦.૬૪ લાખનો ખર્ચ થયો હોવાનું રાજ્યના ઊર્જામંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું છે.

ભાજપના દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણનો પ્રશ્ન આજે વિધાનસભાની તારાંકિત પ્રશ્નોત્તરીમાં પ્રથમ ક્રમાંકે હતો અને તેની વિગતે ચર્ચાઓ થઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

CHILDREN'S UNIVERSITY
(Established by Government of Gujarat)
Subhash Chandra Bose Shikshan Sankul, Near Chh-5
Children's University Circle, Sector-20 Gandhinagar-382021
Phone: 079-23244569, 23244576, M. 9978915137
Website: www.cugujarat.ac.in Email: affiliation@cugujarat.ac.in
આઝાદીકા અમૃત મહોત્સવ

અભ્યાસકેન્દ્રોના જોડાણ માટેની જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગર્ભસ્થ શિશુથી શરૂ કરીને મનુષ્યના સર્વાંગીણ વિકાસ માટે પ્રવૃત્ત અનોખી એવી વિશ્વની એકમાત્ર યુનિવર્સિટી છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની આદર્શ વિચારધારાને સમાજના છેવાડાના નાગરિક સુધી પહોંચાડવાના ધ્યેય સાથે યુનિવર્સિટીના શૈક્ષણિક વિભાગો દ્વારા ૦૪ પી.જી. ડિપ્લોમા અને ૧૮ જેટલા સર્ટિફિકેટ અભ્યાસક્રમોની સંરચના કરવામાં આવેલી છે. અભ્યાસકેન્દ્ર તરીકે જોડાણ મેળવવા ઇચ્છતી રાજ્યભરમાં આવેલ સરકારી, અનુદાનિત/ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ (શાળા/કૉલેજ/અન્ય યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત અભ્યાસકેન્દ્રો) તથા શૈક્ષણિક હેતુ માટે રજિસ્ટર થયેલાં ટ્રસ્ટો પાસેથી યુનિવર્સિટી અરજી આમંત્રિત કરે છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્ર તરીકે જોડાણ મેળવવા રસ ધરાવતી સંસ્થાઓએ તા. ૩૧-૦૩-૨૦૨૨ થી ૨૦-૦૪-૨૦૨૨ સુધી યુનિવર્સિટીની વેબસાઇટ www.cugujarat.ac.in પર Affiliation Portal પર જઈ ઑનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ ઑનલાઇન કરેલી અરજીની એક નકલ જરૂરી આધારો સાથે તા. ૦૪-૦૫-૨૦૨૨ સુધી - કો-ઓર્ડિનેટરશ્રી, એફિલિએશન સૅક્શન, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સેકટર-૨૦, ગાંધીનગરના સરનામા પર મોકલી આપવાની રહેશે. અભ્યાસકેન્દ્રના જોડાણ અને અભ્યાસક્રમો વિશે વધુ માહિતી માટે આજે જ અમારી વેબસાઇટ www.cugujarat.ac.in ની મુલાકાત કરો.

અભ્યાસકેન્દ્રના જોડાણની ઑનલાઇન અરજી કરવા માટે QR Code સ્કેન કરો.

સ્થળ : ગાંધીનગર
તારીખ: ૩૧-૦૩-૨૦૨૨

ડૉ. અશોક એન. પ્રજાપતિ
રજિસ્ટ્રાર (I/C)
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

તેજસ્વી બાળક : તેજસ્વી ભારત

ધો -૧૨ માં રસાયણવિજ્ઞાનનુ પેપર સરળ સમય પહેલા જ વિદ્યાર્થીઓએ પુરુ કર્યુ

૫૦ ગુણના એમ સી ક્યુ અને થિયરીના ટુંકા અને સરળ પાઠયપુસ્તક આધારિત પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓએ સરળતાથી આપ્યા : વિષય નિષ્ણાંત એચ આર પંડયા

ગાંધીનગર તા ૩૦

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન બાદ રસાયણ વિજ્ઞાનની પરીક્ષા પણ વિદ્યાર્થીઓ માટે સરળ રહી હતી. રસાયણ વિજ્ઞાનનુ પેપર સંપુર્ણ પાઠયપુસ્તક આધારિત અને સરળ હોવાથી વિદ્યાર્થીઓએ સમય પહેલા જ પેપર પુરુ કરી દીધુ હતુ. જિલ્લામાંથી ૪૫૬૩ પૈકી ૪૫૦૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૫૫ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે રસાયણ વિજ્ઞાનની પરીક્ષા હતી જયારે વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાનના પ્રથમ પેપર બાદ આજે કેમેસ્ટ્રીનુ પેપર પણ વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થયુ હતુ. કિશોર ઇન્સ્ટીટ્યુટના વિષય નિષ્ણાંત એચ આર પંડયાએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે રસાયણ વિજ્ઞાનનુ પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓ માટે સરળ અને સમયમર્યાદામાં પુર્ણ થાય તેવુ હતુ. પ્રશ્નપત્રમાં ૫૦ ગુણના એમ સી ક્યુ અને ૫૦ ગુણની થિયરીના પ્રશ્નો પણ સંપુર્ણ પાઠયપુસ્તક આધારિત પુછાતા વિદ્યાર્થીઓમાં હાંશકારો અનુભવ્યો હતો. થિયરીના પ્રશ્નો પણ ટુંકા અને પુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓએ સમય પહેલા જ પ્રશ્નપત્રના જવાબ લખી દીધા હતા. જેના લીધે સમય ખુટવાનો સમય ઉભો થયો ન હતો. જયારે બોર્ડ કક્ષાએથી વિદ્યાર્થીઓને જનરલ ઓપ્શનનો લાભ પણ અપાતા વિદ્યાર્થીઓ માટે કસોટી વધુ સરળ પુરવાર થઇ હતી. ભૌતિક વિજ્ઞાન બાદ રસાયણશાસ્ત્રના સરળ પ્રશ્નપત્રના લીધે વિદ્યાર્થીઓને ઉજ્જવળ પરિણામની આશા બંધાઇ છે. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગુજરાતી માધ્યમના ૨૮૯૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૩૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા જયારે અંગ્રેજી માધ્યમમાં ૧૫૭૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ૨૦ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. જિલ્લામાંથી હીન્દી માધ્યમમાં પણ ૪૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૧ ગેરહાજર રહ્યો હતો. કુલ ૪૫૦૮ વિદ્યાર્થીઓની પરીક્ષામાં હાજરી રહી હતી જયારે કુલ ૪૫૬૩ પૈકી ૫૫ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

કલોલમાં ૮ કાંસની સફાઈ માટે ૯૪.૪૫ લાખ ખર્ચ થયો

નવા ટ્યુબવેલ બનાવવા બે વર્ષમાં ૫૩ અરજી મળી : ૧૪ ઔદ્યોગિક ડિફોલ્ડર પાસેથી ૪૩૮.૮૭ લાખની રકમ વસુલવાની બાકી

● **કાંસની સફાઈ અને મરામત ખર્ચ**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કલોલ તાલુકામાંથી પસાર થતી કાંસની સફાઈ અને મરામતના ખર્ચ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે કલોલ તાલુકામાંથી ૮ કાંસની લાઈનો પસાર થાય છે અને ૩૧-૧-૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૯૪.૪૫ લાખ રૂ.નો ખર્ચ થયેલ છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે પલસાણા-હાજીપુર કાંસ ઉપર શેરીસા ગામની સીમમાં નવુ ગરનાળુ બનાવવા બાબતની એક અરજી મળેલ છે જે પરત્વે સ્થળ-સ્થિતિને સંલગ્ન પાસાંઓ ચકાસણી હેઠળ છે.

● **સરદાર કૃષિ જ્યોતિ યોજના**

ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર જિલ્લામાં સરદાર કૃષિ જ્યોતિ યોજના અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીએ જણાવ્યું છે કે ૪૦૯.૭૭ કિ.મી. જર્જરિત વાયરો બદલવામાં આવ્યા છે અને ૧૩ ફિડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે આ પાછળ ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ રૂ. ૪૧૦.૫૭ લાખનો ખર્ચ થયો છે.

● **પાણી પુરૂ પાડવાની માંગણીઓ**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ૩૧-૧-૨૨ની સ્થિતિએ પીવાનું પાણી પુરૂ પાડવા માટે છેલ્લા બે વર્ષમાં હયાત ટ્યુબવેલ પર પંપીંગ મશીનરી કેબલ વાયર માટે ૧૪ અરજીઓ મળી હતી જે તમામ મંજૂર રાખવામાં આવી છે.

નવા ટ્યુબવેલ બનાવવા માટે કુલ ૫૩ અરજીઓ મળી હતી. જે પૈકી ૪૫ ટ્યુબવેલના કામોને મંજૂરી આપવામાં આવેલ છે તથા ૬ ટ્યુબવેલના કામો મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. ૨ ટ્યુબવેલના કામો પૈકી એક ગામ માટે ગ્રામ પંચાયત દ્વારા જમીન ન ફાળવવાથી અને બીજા ગામમાં જૂથ યોજનાનું પાણી મળવાથી માંગણી રદ કરેલ છે.

● **ખેતીવાડી વીજ ગ્રાહકોને રાહત**

અમરાઈવાડીના ધારાસભ્ય જગદીશભાઈ પટેલે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને બે વર્ષમાં રાહત અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં ૧૭,૭૦૦ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને ૨૦૨૧માં ૧૮,૦૩૨ વીજ ગ્રાહકોને વીજ બિલમાં સબસીડી આપવામાં આવી છે.

મંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૨૦માં રૂ. ૩૦૫.૬૬૪ કરોડ અને ૨૦૨૧માં ૩૦૨.૩૨૪૩ કરોડની સબસીડી આપવામાં આવેલ છે.

વિધાનસભામાં ગાંધીનગર
- પ્રકાશ જહા

● **વીજબિલની બાકી રકમ**

માણસાના કોંગી સભ્ય સુરેશભાઈ પટેલે જિલ્લામાં ઔદ્યોગિક ડિફોલ્ડરો પાસેથી વસુલવાની વીજ બિલની બાકી રકમ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે જિલ્લાના ૧૪ ઔદ્યોગિક ડિફોલ્ડરો પાસેથી રૂ. ૪૩૮.૮૭ લાખની રકમ વસુલવામાં બાકી છે.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૧૦ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવેલ છે અને તેની વસુલી રકમ રૂ. ૬૭.૪૧ લાખ માટે દાવા દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે.

૧ ગ્રાહકે બાકી રૂ. ૧.૧૪ લાખની ભરપાઈ ના કરતાં તેના વીજ જોડાણ કાયમી હંગામી ધોરણે કાપી નાખવામાં આવેલ છે. અને દાવા દરખાસ્ત દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

ગ્રાહકોએ વીજ બિલની રકમ સામે વાંધો લીધેલ હોય તેવા કુલ ૨ ગ્રાહકો અને તેની કુલ રકમ રૂ. ૧૮.૩૨ લાખ છે. જે અંગે સત્તાધીશ સામે વાંધો નોંધાયેલ હોય તેના આખરી નિર્ણય બાદ વસુલાતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧ ગ્રાહકે રૂ. ૩૫૨ લાખનું બિલ ભરેલ નથી જેના હપ્તા મંજૂર કરવામાં આવેલ છે.

● **અને છેલ્લે...**

ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે ગાંધીનગર શહેરમાં ૧૦૮ની કેટલી એમ્બ્યુલન્સ કાર્યરત છે તેવા પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે પાંચ એમ્બ્યુલન્સ કાર્યરત છે અને ૧૦,૮૦૮ દર્દીઓએ લાભ લીધેલ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com